સંક્ષિપ્ત સમાચાર

નિઝરના સ્ફોટક પદાર્થના ગુનામાં વોન્ટેડ ઝડપાયો



કુકરમુંડા: તાપી જિલ્લા લોકલ ક્રાઇમ બ્રાન્ચ અને પેરોલ ફર્લો સ્કોડની ટીમે નિઝર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા સ્ફોટક પદાર્થ સંબંધિત ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ ભંવર નાના જાટ (ઉ.વ.56) (હાલ રહે., નિઝર અને મૂળ ભીલવાડા, રાજસ્થાન)ને વાંકા ગામના ચાર રસ્તા પાસેથી ઝડપી પાડ્યો હતો. આરોપીને આગળની કાર્યવાહી માટે નિઝર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

કુકરમુંડાના વિશ્રામ ગૃહમાં દીપડો દેખાતા ભય, પાજરું મુકાયું

કુકરમુંડા: કુકરમુંડા ખાતે આવેલા સરકારી વિશ્રામ ગૃહના કમ્પાઉન્ડ વોલ પર રાત્રિના સમયે દીપડો જોવા મળતાં વન વિભાગ સતર્ક બન્યું છે. દીપડાની હાજરીને ધ્યાનમાં રાખીને વન વિભાગ દ્વારા સરકારી વિશ્રામ ગૃહની બાજુમાં આવેલા શેરડીના ખેતરમાં દીપડાને પકડવા માટે પાંજરું મુકવામાં આવ્યું છે. ઘટનાનો વીડિયો પણ મોબાઈલ કેમેરામાં કેદ થયો હતો. ઘટનાને પગલે વન વિભાગ દ્વારા સાવચેતીના ભાગરૂપે વિશ્રામ ગૃહની બાજુમાં આવેલા શેરડીના ખેતરમાં પાંજરું ગોઠવવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે વિશ્રામ ગૃહની આસપાસ શેરડીનાં ખેતરો આવેલા હોવાથી દીપડો ખેતરોમાંથી અહીં આવ્યો હોવાની શક્યતા છે.

કોસંબામાં સાત મહિનાથી ફરાર આરોપી એલસીબી હાથે ઝડપાયો



હથોડા: સુરત ગ્રામ્ય LCB અને પેરોલ ફર્લો શાખાની ટીમે કોસંબા પોલીસ સ્ટેશનના પ્રાણી ક્રૂરતા અને ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમના ગુનાના આરોપી બસીર ચાંદ સૈયદ (ઉ.વ.૫૫) (ધંધો-રિક્ષા ડ્રાઇવર, રહે., મલકાવાડ, દાદરી ફળિયું, તરસાડી, તા.માંગરોળ, જિ.સુરત)ને તેના ઘરે હાજર હોવાની બાતમીના આધારે વૉચ ગોઠવી ઝડપી પાડ્યો હતો. તે કોસંબાના જ પોલીસ મથકના ચાર જેટલા ગુનામાં વોન્ટેડ હતો.

સાયણમાં એસિડ પી લેતાં આધેડ શ્રમિકનું મોત

સાયણ: સાયણ ટાઉનના કાશી ફળિયામાં રહેતા અને મજૂરી કામ કરતાં હસમુખભાઇ ઘીરૂભાઇ રાઠોડ (ઉ.વ.૫૨)એ રવિવારેપોતાના ઘરના બીજા માળના બાથરૂમ પાસે કોઇ અગમ્ય કારણસર પોતાની જાતે ટોઇલેટ સાફ કરવાનું એસિડ ગટગટાવી લીધું હતું. જેથી તેને પ્રથમ સારવાર સાયણ ખાતેની જીવનરક્ષા હોસ્પિટલમાં અપાયા બાદ વધુ સારવાર માટે સુરત શહેરની સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભરૂચ DLSA દ્વારા NALSA સ્થાપના દિવસ અને દીપોત્સવની ત્રિવેણી ઉજવણી



ભરૂચ: ભરૂચ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા 9 નવેમ્બર નાલસા સ્થાપના દિવસ અને દીપોત્સવના પર્વ નિમિત્તે કાનૂની શિબિર તેમજ વિવિધ યોજનાઓ અંગે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વડીલોના ઘરના ટ્રસ્ટી કિશોરસિંહ માંગરોલા, સહયોગ સંસ્થાના પ્રતીક મોદી અને નીતિન મોદી ઉપસ્થિત રહી સહયોગી બન્યા હતા. જેલમાં બંદીવાનો અને તેમના પરિવારને મળતી મફત કાનૂની સેવાઓ તથા નાલસાની વિવિધ યોજનાઓ વિશે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ભરૂચ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ વતી PLV રશ્મિકા વડગામા અને નીતા વડગામાએ ચિલ્ડ્રન હોમની બાળાઓને નાલસાની કાનૂની અને શિક્ષણ લગતી યોજનાઓની જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં જેલ ઇન્ચાર્જ અધિક્ષક એન.પી. રાઠોડ, DLSA તરફથી PLV દેવાંગ ગોહિલ તેમજ પ્રયાસ સંસ્થા તરફથી આશિષ બારોટ અને અનિલ વસાવા ઉપસ્થિત રહ્યા હતા.

અંકલેશ્વર GIDCમાં જુગારધામ પર પોલીસના દરોડા, 19 ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વર GIDC પોલીસ દ્વારા જુગાર વિરુદ્ધ સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગત તા. 15મી નવેમ્બરે GIDC વિસ્તારમાં એમ.જે. કાંટા પાસે આવેલ આબાદ કેમિકલના ગેટ બહાર ખુલ્લી જગ્યામાં હાર-જીતના જુગારની મહેફિલ જામી હતી. પોલીસે દરોડો પાડીને મૂળ પરપ્રાંતીય અને હાલ સારંગપુર, જીતાલી તથા અંકલેશ્વર GIDCમાં રહેતા 19 જુગારીઓને રંગેહાથ પકડી લીધા હતા. પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી અંગઝડતીના રોકડા રૂ. 44,020 તથા દાવ ઉપરના રોકડા રૂ. 8,560 મળીને કુલ રૂ. 52,580 જપ્ત કર્યા હતા. સાથે જ બુદ્ધન મંડલ, પ્રમોદ યાદવ, વિકાસ વસાવા, બબલુકુમાર મંડલ, ગોવિંદકુમાર મંડલ, મિથુનકુમાર મંડલ અને સોનુકુમાર મંડલ સહિત બિહાર તથા સ્થાનિક વિસ્તારના કુલ 19 ઈસમોની જુગારધારા એક્ટ હેઠળ ધરપકડ કરીને વધુ કાર્યવાહી કરવામાં આવી છે.

અંકલેશ્વરમાં પ્રદૂષણ ફરી વધ્યું: AQI 233

હવા પ્રદૂષણ ઓરેન્જ ઝોન શ્રેણીમાં આવતા બિનઆરોગ્યપ્રદ



ગુણવત્તામાં પ્રદૂષણ વધવાના દાખલા

ભરૂચ: દિવાળીના દિવસે અંકલેશ્વર શહેરમાં હવાની ગુણવત્તા ખતરનાક સ્તરે પહોંચ્યાના આઠ દિવસ બાદ પણ ક્રિટિકલી પોલ્યુટેડ ઝોનમાં હવા પ્રદૂષિત યથાવત્ છે. સોમવારે ઔદ્યોગિક નગરી અંકલેશ્વરમાં હવા પ્રદૂષણનો ગ્રાફ ફરીવાર ઊંચકાતાં શહેર ઓરેન્જ ઝોન (બિનઆરોગ્યપ્રદ) શ્રેણીમાં આવી ગયું છે.

તા. 16 નવેમ્બરના રોજ બપોરે 3.05 વાગ્યે AQI 233 નોંધાયો હતો, જે સાંજ સુધીમાં ધીમે ધીમે ઘટ્યો હતો. ખાસ કરીને ઔદ્યોગિક ઉત્સર્જન, વાહનોનો ધુમાડો તેમજ શિયાળાના ઋતુચક્રને હવા પ્રદૂષણ પાછળનાં અસરકારક પરિબળો હોવાનું અનુમાન છે.દિવાળીનો તહેવાર આવે ત્યારે ઔદ્યોગિક અને શહેરી વિસ્તારોમાં હવાની વારો આવશે.

જોકે, વાસ્તવિકતા કંઈક જુદી છે. અંકલેશ્વરમાં હવાની ગુણવત્તાનો ગ્રાફ ફરી ઊંચકાયો છે. સોમવારે બપોરે 3.05 વાગ્યે AQI 233 પર પહોંચતાં હવાની ગુણવત્તા બિનઆરોગ્યપ્રદ ગણી શકાય છે. પ્રદૂષિત હવામાં લાંબા સમય સુધી રહેવાથી શ્વાસ લેવામાં તકલીફ પડી શકે છે. બાળકો, વૃદ્ધો અને શ્વાસના દર્દીઓ માટે ખાસ સાવચેતી રાખવી ખૂબ જ જરૂરી છે. દિવાળીના દિવસોમાં પણ અંકલેશ્વરમાં એર ક્વોલિટી ઈન્ડેક્સનો આંક એક હજારને પાર થઈ ગયો હતો. આજે પણ ઓરેન્જ ઝોન રહેતા સાવધાની જરૂરી બની છે.

પ્રદૂષણની સ્થિતિ અને સાવચેતી: એક નજરે

તાજેતરની સ્થિતિ: ૧૬ નવેમ્બરે બપોરે ૩:૦૫ વાગ્યે AQI ૨૩૩ (ઓરેન્જ ઝોન - બિનઆરોગ્યપ્રદ) નોંધાયો.
મુખ્ય કારણો: ઔદ્યોગિક એકમોનું ઉત્સર્જન, વાહનોનો ધુમાડો અને શિયાળાની ઋતુની શરૂઆત.
કોને વધુ જોખમ?: નાના બાળકો, વૃદ્ધો, ગર્ભવતી મહિલાઓ અને અસ્થમા કે શ્વાસની બીમારી ધરાવતા દર્દીઓ.

ભરૂચમાં સિટી બસ ખોટકાતાં ટ્રાફિકજામ, 108 ફસાઈ



ભરૂચ: ભરૂચ શહેરના પોસ એરિયા વિસ્તારમાં આવેલા પાંચબત્તી ખાતે એક સિટી બસ અચાનક રસ્તાની વચ્ચે જ ખોટકાઈ જતાં લાંબા સમય સુધી વાહનવ્યવહાર ઠપ થઈ ગયો હતો. બસ રસ્તા વચ્ચે બંધ પડી જતાં માર્ગની બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. ટ્રાફિકજામની સ્થિતિ એટલી ગંભીર બની હતી કે ઈમરજન્સી સેવા માટે કાર્યરત 108 એમ્બ્યુલન્સ પણ વાહનોની ભીડમાં ફસાઈ જવા પામી હતી. દર્દીઓ માટે દોડતી એમ્બ્યુલન્સ વ્યસ્ત માર્ગ પર લાંબા સમય સુધી અટકી પડતાં ઈમરજન્સી સેવા પ્રભાવિત થઈ હતી. વ્યસ્ત માર્ગ પર બસ ખોટકાવાને કારણે વાહનવ્યવહાર લાંબા સમય સુધી ખોરવાયો હતો અને નગરજનોએ ભારે મુશ્કેલી વેઠવી પડી હતી.

અંકલેશ્વરમાં ગેસ બોટલ લઈને જતાં યુવક પર 4 શખ્સનો હુમલો

અંકલેશ્વર: અંકલેશ્વરના ગડખોલ વિસ્તારમાં આવેલી આનંદવિહાર સોસાયટીમાં ગેસની બોટલ લઈને ઘરે જઈ રહેલા મૂળ બિહારના યુવક શુભમ શાહ પર ચાર શખ્સો દ્વારા જાનલેવા હુમલો કરવામાં આવ્યો હતો. ગત ૧૫ નવેમ્બરની રાત્રે જ્યારે શુભમ સાયકલ પર ગેસ બોટલ લઈને જઈ રહ્યો હતો, ત્યારે પૂરઝડપે હોર્ન વગાડીને આવેલા મોટરસાઇકલ સવાર રાજુ પટેલ અને શ્યામનંદનને આરામથી જવા કહેતા તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળાગાળી કરી માર માર્યો હતો. આ બાબતની અદાવતમાં રાત્રે આશરે સાડા આઠ વાગ્યે શ્યામનંદન, ચંદન ઉર્ફે ડી.જે., રાકેશસિંગ અને રાજુ પટેલ એકસંપ થઈને શુભમના ઘરે આવ્યાં હતા. આરોપીઓ પૈકી ચંદન ઉર્ફે ડી.જે.ના હાથમાં લોખંડની પાઈપ હતી. જ્યારે શુભમના મોટાભાઈ કનૈયા શાહ વચ્ચે બચાવ કરવા આવ્યા, ત્યારે રાજુ પટેલે કનૈયાને પકડી રાખ્યો હતો અને ચંદન ઉર્ફે ડી.જે.એ લોખંડની પાઈપથી કનૈયાના ડાબા હાથની કોણી ઉપર ફેક્ચર કરી નાખ્યું હતું તેમજ બંને ભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આરોપીઓએ ભવિષ્યમાં ફરી સામે આવવા પર જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આસપાસના લોકોએ વચ્ચે પડી છોડાવ્યા બાદ બંને ભાઈઓને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. શુભમ શાહની ફરિયાદના આધારે અંકલેશ્વર સીટી ડિવિઝન પોલીસે ચારેય આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વ્યારામાં કારચાલકે અડફેટે લેતાં માતા-પુત્રીને ઈજા

વ્યારા: તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં ખડકા ચીપલડી રોડ પર જી.ઈ.બી. સબસ્ટેશન સામે જાહેર માર્ગ પર અકસ્માતની ઘટના બની હતી. ફરિયાદ મુજબ, ફરિયાદી એની પુત્રી શ્રેયા સાથે હીરો કંપનીના મેસ્ટ્રો મોપેડ નંબર GJ-26-K-8118 પર ગત દિવસે વ્યારા બજારમાં કામ અર્થે જઈ પરત ઘરે આવી રહ્યા હતા. દરમિયાન અજાણ્યા કારચાલક નંબર GJ-26-AL-4854એ પૂરઝડપે અને બેદરકારીપૂર્વક કાર હંકારી મોપેડને અડફેટે લીધું હતું. અકસ્માતમાં મોપેડ પર સવાર પુત્રી શ્રેયાને સામાન્ય ઈજા થઈ હતી, જ્યારે ફરિયાદીના હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ કારચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ મામલે વ્યારા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા કારચાલક વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

બારડોલીમાં માર્ગ સલામતી જાગૃતિ અભિયાન યોજાયું



બારડોલી: માર્ગ અકસ્માતોમાં અકાળે પોતાનો જીવ ગુમાવનાર વ્યક્તિઓની સ્મૃતિમાં અને સામાન્ય લોકોમાં ટ્રાફિકના નિયમો પ્રત્યે જાગૃતિ લાવવાના ઉમદા ઉદ્દેશ્યથી આર.ટી.ઓ. બારડોલી દ્વારા 'વર્લ્ડ ડે ઓફ રીમેમ્બ્રન્સ ઓન રોડ સેફ્ટી' અંતર્ગત એક વિશેષ માર્ગ સલામતી જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ કાર્યક્રમ દરમિયાન માર્ગ અકસ્માતોનો ભોગ બની મૃત્યુ પામેલા દિવંગત નાગરિકોને યાદ કરી તેઓને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ સાથે જ ભવિષ્યમાં આવા જીવલેણ અકસ્માતો નિવારી શકાય અને લોકોનું જીવન સુરક્ષિત રહે તે હેતુથી સુરક્ષિત માર્ગો અને સુરક્ષિત જીવનના નિર્માણ માટે ઉપસ્થિત સૌએ એક વિશેષ સંકલ્પ લીધો હતો. આર.ટી.ઓ. બારડોલી દ્વારા તમામ વાહનચાલકોને માર્ગ સલામતી અંગે ખાસ અપીલ કરવામાં આવી છે.

ભગવાન બિરસા મુંડાની જન્મજયંતીએ માંડવીમાં 'પ્રબુદ્ધ નાગરિક સંમેલન' યોજાયું

જિ.પંચાયત પ્રમુખ સમીર મોદીની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજાયો



માંડવી: ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી તથા 'જનજાતિ ગૌરવ સપ્તાહ-૨૦૨૬' ની ઉજવણીના ભાગરૂપે માંડવી હાઈસ્કૂલ ખાતે સુરત જિલ્લા પંચાયત પ્રમુખ સમીર મોદીની ઉપસ્થિતિમાં 'પ્રબુદ્ધ નાગરિક સંમેલન' યોજાયું હતું. આ અવસરે જિલ્લા કલેકટર તેજસ પરમાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા પંચાયત પ્રમુખ સમીર ભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાએ સમાજમાં જાગૃતિ, સ્વાભિમાન, એકતા અને અન્યાય સામે લડવાની હિંમત જગાવી હતી. આદિવાસી સમાજના કલા, કૌશલ્ય, સાંસ્કૃતિક વારસા અને સ્વાતંત્ર્ય ચળવળમાં આપેલા યોગદાનને જન-જન સુધી પહોંચાડીને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો છે. ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિએ ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીનું સ્મરણ કરી દેશની આઝાદી અને આદિજાતિ સમાજના અધિકારો માટે તેમણે કરેલા સંઘર્ષને યાદ કર્યા હતા. આ પ્રસંગે જિ.પં. ઉપપ્રમુખ દિનેશભાઈ, જિલ્લા સંગઠન પ્રમુખ ભરતભાઈ રાઠોડ, પૂર્વ સાંસદ રંજનબેન ભટ્ટ, માંડવી એજ્યુકેશન સોસાયટીના વીસી અને સુરત જિલ્લાના સંગઠન મહામંત્રી જગદીશભાઈ પારેખ, અંકુરભાઈ દેસાઈ, અરેઠ તા.પં.પ્રમુખ મુકેશભાઈ ચૌધરી, સુરત ગ્રામ્ય માંડવી પ્રાયોજના વહીવટદાર એસ.એમ.ગઢવી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉમલ્લામાં આદિવાસી સમાજના યોગદાનની સરાહના



ભરૂચ: ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે ઉમલ્લા ખાતે રાજ્યના આરોગ્ય મંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે દેવ બિરસા સેનાના અરવિંદ વસાવાએ આદિવાસી સમાજના ગૌરવશાળી ઇતિહાસ, સાંસ્કૃતિક વારસા, પરંપરાઓ અને દેશના વિકાસમાં તેમના યોગદાન વિશે ચર્ચા કરી હતી.આ સંમેલનમાં MLA રીતેશ વસાવા, જિલ્લા પંચાયત પ્રમુખ ડિમ્પલબેન રાજ, જિલ્લા કલેક્ટર ડો. નવનાથ ગવ્હાણે સહિત જિલ્લાના અધિકારીઓ, નિવૃત અધિકારીઓ સહિત અગ્રણીઓ તેમજ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

પાસપોર્ટ ખોવાયેલ છે.

આથી નોટીશ દ્વારા લાગતા વળગતાને જણાવવાનું કે મારૂ નામ રમેશભાઇ છગનભાઇ ભકત છે. અમોનો "UNITED STATES OF AMERICA" નો પાસપોર્ટ હતો જેનો ન..6644848S6 છે. જે પાસપાર્ટ લઇ અમો અરજદાર તા.૧૨/૧૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યાની સુમારે ઝેરોક્ષ કઢાવવા અમારા ઘરેથી કામરેજ ચાર રસ્તા તરફ જઈ રહયા હતા, ત્યારે રસ્તામાં કયાંક અમોનો સફર પાસપોર્ટ પડી ગયેલ કે, ગેરવલ્લે થઇ ગયેલ છે, જેની આજદીન સુધી ઘણી શોધ કરતા મળી આવેલ નથી. જે કોઇને ઉપરોકત જણાવેલ પાસપોર્ટ મળી આવે તો, નીચેના સરનામા ઉપર જાણ કરશો.
સરનામુ :- ભગત ફળીયુ, નનસાડ, તા. કામરેજ, જી. સુરત. મો. નં. ૯૫૮૬૧ ૬૬૦૧૦
અસીલ ની સુચના અને સંમતિ થી.
અમારી મારફત - ધર્મેન્દ્ર જે. પરમાર - એડવોકેટ એન્ડ નોટરી
ઓ: નવાગામ, મામલતદાર કચેરીની બાજુમાં, કામરેજ, જી. સુરત. મો: ૯૭૨૬૧ ૪૪૮૬૮

Milano MULTIPLEX
બારડોલી
Ramayana: part 1
10:00am, 11:00am,
01:00pm, 02:00pm,
03:00pm, 05:00pm,
06:00pm, 08:00pm,
09:00pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

Happy Diwali & Prosperous New Year Wishes from
JYOTISHRI INDUSTRIES LLP
GSTIN: 24AARFJ0672L1ZZ
Ronak Agarwal
+91 90333 03333
Mob. : 9327474738,
Grey : 9327474739
E-mail : Jyotishriindustries@gmail.com
Block No. 492, Plot No. 2, B/h. T.M. Patel Mills, Near G.P.P.L. Caplone, Palsana Char Rasta, Palsana, Surat-394615

Happy Diwali & Prosperous New Year Wishes from
RKT
Radhey Krishna Terene Pvt. Ltd.
TEXTILE PROCESS UNIT
Factory & Registered office:
B-16, Gujarat Eco- Textile Park, Palsana Crossing, N.H.-8.Dist: Surat (Guj.) India.
E-mail: rkterene@gmail.com

Happy Diwali & Prosperous New Year Wishes from
PAWAN AGRAWAL
Cell: 9327430723
Aadya Dyeing Mills
Factory: Revenue Survey No. 268, Block No. 310, Vill: Baleshwar, Ta.: Palsana, Dist: Surat-394 315, Gujarat, INDIA Tel: 0261-2216612
Email: aadyadyeingmile@yahoo.com
Office: 612, SNS Business Park, Opp. J.H. Ambani School, Udhna Magdalla Road,Vesu, Surat-395007, Gujarat, India Tel: 0261 2216612
GSTIN: 24ABOFA9646D1ZA

Happy Diwali & Prosperous New Year Wishes from
Amit Yadav
Dirctor - (M) 9879569616
Sai Jyoti
Mukesh Saraswat
Manager

Happy Diwali & Prosperous New Year Wishes from
॥ બાપા સીતારામ ॥
SHREE CHAKRADHAR INDUSTRIES
Block No. 388/1/1 to 4, Near Palsana Highway Crossing, N. H. No. 8, Behind Sarda Mill, Palsana, SURAT-394315.
Grey Contact: 97274 92343/Office: 9537130085

Happy Diwali & Prosperous New Year
A Fresh N Safe COLDESTORAGE
Hi-Tech GREENS FRESH CHILLED FROZEN
Jainam Trade Link LLP
(AN INTERGRATED COLD-CHAIN FACILITY)

Happy Diwali & Prosperous New Year Wishes from
Rashmin C Kachiwala
+91-98254 39155
J.Kachiwala
Manufacturers of Art Silk Cloth, Specially Inter Linings
J.P. KACHIWALA TEDTILES PVT. LTD.
Process House : A-36, Gujarat ECO Textile Park, N.H.8, Palsana, Surat.
Hed Office : 3/1768-69, SATTAR KOTDI, SALABATPURA, SURAT-395 003. PHONE : +91-261 (O) 2325065
e-mail: info@interliningindia.com ● Web. : interliningindia.com

Happy Diwali & Prosperous New Year Wishes from
VIKAS TRENDZ PVT. LTD.
Block No. 505. N.H.8. Near Spectrum Dyes, Tal-Plasana. Dist-Surat, Pin-3943 15 (INDIA)
Ph: +91 75739-52201
amitkokra@hotmail.com
vikastrendz2017@gmail.com
Amit Kokra (Director) +91 98252-28000

મહે.માંડવીના પ્રિન્સીપાલ.સીનીયર સિવિલ જજ અને એડી. ચીફ જ્યુડી.મેજી. સાહેબની કોર્ટમાં મું-માંડવી
ફોજદારી પરચુ.અ.નં.-૧૪૦/૨૦૨૬
મુદત તારીખ-૨૮-૧૨-૨૦૨૬
અરજદાર :- પાનીયાભાઈ નાથીયાભાઈ ગામીત
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ઉંટેવા ગ્રુપ ગ્રામ પંચાયત કચેરી, ઉંટેવા, તા. માંડવી, જી.સુરત
- જા હે ર નો ટી સ -
આથી આ જાહેર નોટીસ આથી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજીની કોર્ટની ફોજદારી પરચુરણ અરજી નં.૧૩૯/૨૦૨૬ ના કામના અરજદારની બહેન લીલાબેન વિનુભાઈ ગામીતનું મરણ તા.૨૯-૦૨-૧૯૮૪ ના રોજ ગામ ઉંટેવા, તા. માંડવી જિ.સુરત મુકામે થયેલ. જેની નોંધણી જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી પાસે રજીસ્ટર કરાવવા રહી ગયેલ હોય જેમાં રજીસ્ટરે નોંધ કરવા સારૂ અરજદારે હાલની અરજી કરેલ છે.
સદરહુ અરજીની સુનાવણી તા.૨૮-૧૨-૨૦૨૬ ના રોજ સવારે ૧૦-૩૦ વાગ્યે રાખવામાં આવેલ છે. જે કોઈ ઇસમ તથા સરકારી,અર્ધ સરકારી,પેઢી,મંડળી,વ્યક્તિ,કંપની,ત્યાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધો હોય તો જાતે અગર યોગ્ય માહીતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અમુક હાજર રહેવા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તારીખ ૧૬ મી નવેમ્બર સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.
તૈયાર કરનાર (એ.એસ.ચૌધરી) આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ,માંડવી | મુકાબલ કરનાર (કે.બી.ગામીત) આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ,માંડવી | કોર્ટનો સિક્કો | હુકમથી (આર.કે.પરમાર) રજીસ્ટ્રાર, સીવીલ કોર્ટ,માંડવી

મહે.માંડવીના પ્રિન્સીપાલ.સીનીયર સિવિલ જજ અને એડી. ચીફ જ્યુડી.મેજી. સાહેબની કોર્ટમાં મું-માંડવી
ફોજદારી પરચુ.અ.નં.-૧૩૯/૨૦૨૬
મુદત તારીખ-૨૮-૧૨-૨૦૨૬
અરજદાર :- પાનીયાભાઈ નાથીયાભાઈ ગામીત
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ઉંટેવા ગ્રુપ ગ્રામ પંચાયત કચેરી, ઉંટેવા, તા. માંડવી, જી.સુરત
- જા હે ર નો ટી સ -
આથી આ જાહેર નોટીસ આથી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજીની કોર્ટની ફોજદારી પરચુરણ અરજી નં.૧૩૮/૨૦૨૬ ના કામના અરજદારની માતા બાબલીબેન ઉર્ફે બામણી નાથીયાભાઈ ગામીતનું મરણ તા.૦૭-૦૫-૨૦૦૮ ના રોજ ગામ ઉંટેવા, તા. માંડવી જિ.સુરત મુકામે થયેલ. જેની નોંધણી જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી પાસે રજીસ્ટર કરાવવા રહી ગયેલ હોય જેમાં રજીસ્ટરે નોંધ કરવા સારૂ અરજદારે હાલની અરજી કરેલ છે.
સદરહુ અરજીની સુનાવણી તા.૨૮-૧૨-૨૦૨૬ ના રોજ સવારે ૧૦-૩૦ વાગ્યે રાખવામાં આવેલ છે. જે કોઈ ઇસમ તથા સરકારી,અર્ધ સરકારી,પેઢી,મંડળી,વ્યક્તિ,કંપની,ત્યાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધો હોય તો જાતે અગર યોગ્ય માહીતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અમુક હાજર રહેવા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તારીખ ૧૬ મી નવેમ્બર સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.
તૈયાર કરનાર (એ.એસ.ચૌધરી) આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ,માંડવી | મુકાબલ કરનાર (કે.બી.ગામીત) આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ,માંડવી | કોર્ટનો સિક્કો | હુકમથી (આર.કે.પરમાર) રજીસ્ટ્રાર, સીવીલ કોર્ટ,માંડવી

મહે.માંડવીના પ્રિન્સીપાલ.સીનીયર સિવિલ જજ અને એડી. ચીફ જ્યુડી.મેજી. સાહેબની કોર્ટમાં મું-માંડવી
ફોજદારી પરચુ.અ.નં.-૧૩૯/૨૦૨૬
મુદત તારીખ-૨૮-૧૨-૨૦૨૬
અરજદાર :- પાનીયાભાઈ નાથીયાભાઈ ગામીત
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ઉંટેવા ગ્રુપ ગ્રામ પંચાયત કચેરી, ઉંટેવા, તા. માંડવી, જી.સુરત
- જા હે ર નો ટી સ -
આથી આ જાહેર નોટીસ આથી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજીની કોર્ટની ફોજદારી પરચુરણ અરજી નં.૧૩૮/૨૦૨૬ ના કામના અરજદારની માતા બાબલીબેન ઉર્ફે બામણી નાથીયાભાઈ ગામીતનું મરણ તા.૦૭-૦૫-૨૦૦૮ ના રોજ ગામ ઉંટેવા, તા. માંડવી જિ.સુરત મુકામે થયેલ. જેની નોંધણી જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી પાસે રજીસ્ટર કરાવવા રહી ગયેલ હોય જેમાં રજીસ્ટરે નોંધ કરવા સારૂ અરજદારે હાલની અરજી કરેલ છે.
સદરહુ અરજીની સુનાવણી તા.૨૮-૧૨-૨૦૨૬ ના રોજ સવારે ૧૦-૩૦ વાગ્યે રાખવામાં આવેલ છે. જે કોઈ ઇસમ તથા સરકારી,અર્ધ સરકારી,પેઢી,મંડળી,વ્યક્તિ,કંપની,ત્યાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધો હોય તો જાતે અગર યોગ્ય માહીતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અમુક હાજર રહેવા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તારીખ ૧૬ મી નવેમ્બર સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.
તૈયાર કરનાર (એ.એસ.ચૌધરી) આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ,માંડવી | મુકાબલ કરનાર (કે.બી.ગામીત) આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ,માંડવી | કોર્ટનો સિક્કો | હુકમથી (આર.કે.પરમાર) રજીસ્ટ્રાર, સીવીલ કોર્ટ,માંડવી

Happy Diwali & Prosperous New Year Wishes from
SF Sangam Fashions Pvt. Ltd.
A-37 & 39, Guj. Eco Textile Park, Post-Palsana-394315, Dist.: SURAT.
E-mail: sangamfashions15@gmail.com
GST No.: 24AADCS5415P2Z2
Grey: 89804 60251 Tel.: 7046131552